



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૬૭ ૧૮ મે, ૨૦૧૬, બુધવાર ; વૈશાખ સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## શાસનના બે વર્ષ એનડીએ સરકાર ઉજવશે

**દેશભરમાં ૨૬મી મેથી ભવ્ય કાર્યક્રમોની શરૂઆત થશે : જનધન એકાઉન્ટ, મુદ્રા સ્કીમ, પાક વિમા યોજના, આરોગ્ય વિમા, પેન્શનની સ્કીમ જેવી લોકલક્ષી યોજના અંગે લોકોને માહિતગાર કરવા તમામને સૂચના**



નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ૨૬મી મેના દિવસે સત્તામાં બે વર્ષ સફળરીતે પૂર્ણ કરી રહી છે. બે વર્ષ પૂર્ણ થવાને લઈને ભવ્ય કાર્યક્રમો યોજવા માટેની તૈયારી ભાજપ દ્વારા હાથ ધરવામાં આવનાર છે. ૨૬મી મેના દિવસે શાનદાર કાર્યક્રમની શરૂઆત થયા બાદ આશરે બે પખવાડિયા સુધી ઉજવણી કરવામાં આવનાર છે. મોદી સરકારના ભાજપના તમામ સાંસદો ઉજવણીમા ભાગ લેનાર છે. ભાજપના સાંસદો અને ધારાસભ્યોને સરકારની સિદ્ધીઓને લઈને લોકોની વચ્ચે જવા માટે કહેવામાં આવ્યુ છે. ભાજપના હોદ્દેદારો પણ જુદા જુદા કાર્યક્રમમાં બાગ લેનાર છે. જેમાં જાહેર સભા, પ્રેસ કોન્ફરન્સ, સરકારની કલ્યાણ યોજનાનો લાભ મેળવી લેનાર લોકો સાથે વાતચીતનો સમાવેશ થાય છે. મોદી સરકારની બે વર્ષની સિદ્ધીઓ અંગે લોકોમાં માહિતી પહોંચાડવામાં આવનાર છે. પાર્ટી સેક્રેટરી શ્રીકાંત શર્માએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ છે કે આ કાર્યક્રમો પાછળ હેતુ છે કે સરકારની કલ્યાણ યોજના લોકો માટે છે. તેમના સુધી યોજનાના લાભ કઈ રીતે પહોંચી રહ્યા છે તે બાબત અંગે લોકોને માહિતી આપવામાં આવનાર છે. મોદી વારંવાર પક્ષના કાર્યકરો અને સાંસદોને લોકોના કાર્યક્રમ અંગે તેમને વાકેફ કરવા માટે લોકોની અંદર જવા માટે કહી રહ્યા છે. તમામ લોકસભા સાંસદને તેમના મતવિસ્તારના દરેક વિધાનસભા ક્ષેત્રમાં એક દિવસ અને રાત્રી કાઢવા માટે કહેવામાં આવ્યુ છે. જ્યારે ધારાસભ્યોને પણ તેમના સંબંધિત મતવિસ્તારમાં સાત રાત્રી ગાળવા માટે કહેવામાં આવ્યુ છે. તૈયારીના ભાગરૂપે પાર્ટી દ્વારા તેમના પ્રવકતા માટે વર્કશોપ યોજશે. જેમાં કેન્દ્રિય પ્રદાન રાજનાથસિંહ અને નિતીન ગડકરી સંબોધન કરશે. બન્ને પાર્ટીના પૂર્વ વડા છે. બે સપ્તાહ સુધી જોરદાર આયોજન કરવામાં આવ્યુ છે. પક્ષના કાર્યકરો અને હોદ્દેદારો સરકારના ગ્રામોદય સે ભારત ઉદય કાર્યક્રમમાં ભાગ લઈ ચુક્યા છે. આ કાર્યક્રમનુ આયોજન ૧૪મી એપ્રિલથી ૨૪મી એપ્રિલ વચ્ચે કરવામાં આવ્યુ હતુ. સોશિયલ મિડિયાનો પણ વ્યાપક ઉપયોગ કરવામાં આવનાર છે. પાર્ટી દ્વારા પોતાની સિદ્ધી પર પ્રકાશ ફેંકવામાં આવનાર છે. મોદી સરકારની જુદા જુદા સ્કીમો અંગે લોકોને વધારે માહિતી આપવામા આવનાર છે. જેમા જન ધનનો પણ સમાવેશ થાય છે.

## રાજ્યસભા માટે અમરસિંહની સપા દ્વારા પસંદગી



નવીદિલ્હી,તા. ૧૭

સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા અમરસિંહને આખરે મોટી રાહત મળી ગઈ છે. કારણ કે, અમરસિંહની સમાજવાદી પાર્ટી દ્વારા રાજ્યસભા બેઠક માટે નોમિનેટ કરવાની પ્રક્રિયા કરી લેવામાં આવી છે. સમાજવાદી પાર્ટી દ્વારા આજે રાજ્યસભાની ચૂંટણી માટે પાર્ટીના સાત ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. ચૂંટણી આગામી મહિનામાં યોજાનાર છે. લખનૌમાં યોજાયેલી બેઠકમાં સમાજવાદી પાર્ટીની કેન્દ્રીય સંસદીય બોર્ડ દ્વારા આ નિર્ણય લેવાની જાહેરાત કરવામાં આવી હતી. અમરસિંહ ઉપરાંત અન્ય જે ઉમેદવારો રાખવામાં આવ્યા છે તેમાં બેનીપ્રસાદ વર્મા, સંજય શેઠ, સુખરામ યાદવ, વિસંભરપ્રસાદ, અરવિંદ સિંહ અને રેવતી રમન સિંહનો સમાવેશ થાય છે. આ બેઠકમાં પક્ષના વડા મુલાયમસિંહ યાદવ, રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી રામગોપાલ યાદવ, વરિષ્ઠ પ્રધાન શિવપાલ યાદવ, મુખ્યમંત્રી અખિલેશ યાદવ ઉપસ્થિત રહ્યા હતા.

## હું મુખ્યમંત્રી છું, મને બદલવાની કોઈ ચર્ચા નથી : આનંદીબહેન



ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેનને હટાવી લેવાશે અને તેમના સ્થાને આરોગ્યમંત્રી નીતિન પટેલને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તેવી અટકળોને ખુદ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે "હું ચીફ મિનિસ્ટર છુ અને રહીશ, મને હટાવવાની કોઈ ચર્ચા દિલ્હીમાં થઈ નથી."

દિલ્હીની મુલાકાત બાદ મિડીયામાં વહેતા થયેલા સમાચારોને આધાર વિહીન ગણાવીને મુખ્યમંત્રીએ કહ્યું હતું કે નથીંગ લાઈક ધેટ ઈજ઼ ઓન. તેઓ મંગળવારે ઈન્દોરના પ્રવાસે હતા. તેમણે સિંહસ્થ કુંભમેળામાં હિસ્સો લીધો હતો અને ભૈયુજી મહારાજને તેઓ મળ્યા હતા.

મિડીયા પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે આરોગ્યમંત્રી નિતીન પટેલ દિલ્હી ગયા હતા પરંતુ લિડરશીપ ચેઈન્જ માટેની કોઈ ચર્ચા ન હતી. ઈન્દોરમાં મિડીયા પર્સનના એક સવાલનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે - હું અહીં આપની સામે ઉભી છું. ગુજરાતમાં લિડરશીપ બદલાવાનો પ્રશ્ન જ નથી.

આનંદીબહેને કહ્યું હતું કે મિડીયાએ મારી અને નીતિન પટેલની દિલ્હી મુલાકાતને જોડીને આવું સ્પેક્યુલેશન શરૂ કર્યું હતું. હકીકમતાં હું દુષ્કાળ સંદર્ભમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બોલાવેલી એક બેઠકમાં હાજરી આપવા ગઈ હતી. જ્યારે નીતિન પટેલ નીટના મુદ્દે કેન્દ્રીય મંત્રીઓ સાથે ચર્ચામાં વ્યસ્ત હતા.

પાટીદાર આંદોલન સંદર્ભે તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં હાલ કોઈ પાટીદાર આંદોલન ચાલતું નથી. અનામત આંદોલન પૂર્ણ થયું છે. ધીસ પ્રોટેક્ટ કમ્પલેટલી ઓવર...

સોમવારે દિલ્હીથી એવી અટકળો તેજ બની હતી કે મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૭ પર

## ઈરાનથી તેલની આયાત બમણી કરાશે

**૨૨-૨૩મી મેના દિવસે મોદી ઈરાન જશે : ઈરાન સાથેના સંબંધોને વધુ મજબૂત કરવાની યોજના ઈરાનના સર્વોચ્ચ લીડર સાથે દ્વિપક્ષીય મુદ્દા ઉપર ચર્ચા**

નવી દિલ્હી, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ અને ૨૩મી મેના દિવસે ઈરાનની મુલાકાતે જઈ રહ્યા છે. ભારત અને ઈરાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં મદદ મળશે. તેલની આયાતને ડબલ કરવાના ઈરાદા સાથે પણ કેટલાક મુદ્દા ઉપર વાતચીત થઈ શકે છે. ચાબાહાર પોર્ટ સમજૂતિને લઈને પણ વાતચીત આગળ વધે તેવી શક્યતા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, મોદીની આ યાત્રા ખુબ જ મહત્વપૂર્ણ છે. ઈરાન પાસેથી તેલની આયાતને બે ગણી કરવાની યોજના છે. પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા બાદ ઈરાન સાથેના સંબંધોને વધુ મજબૂત કરી શકાશે. ઈરાનના પ્રમુખના આમંત્રણ પર મોદી ૨૨મી અને ૨૩મી મેના દિવસે ઈરાન જઈ રહ્યા છે. ઈરાન ગણરાજ્યના પ્રમુખ હસન રુહાની તરફથી મોદીને આમંત્રણ મળ્યું છે. વિદેશ મંત્રાલય દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી છે. આ યાત્રા દરમિયાન મોદી ઈરાનના સર્વોચ્ચ નેતા સાથે વાતચીત કરશે. રુહાની સાથે પારસ્પરિક હિતોના જુદા જુદા મુદ્દા પર ચર્ચા વિચારણા થશે. ઈરાન સાથે હાઈડ્રોકાર્બન સેક્ટરમાં

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત આખુ અગનભઠ્ઠીમાં ફેરવાયું

**અમદાવાદ સહિત અનેક ભાગોમાં પારો ૪૫થી ઉપર પહોંચ્યો : ભીષણ ગરમીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું: સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ : હિટવેવની ચેતવણી યથાવતરીતે જારી રાખવામાં આવી**

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં હાલ રેકોર્ડ ગરમી પડી રહી છે. જેના કારણે સામાન્ય લોકોને કોઈ રાહત મળી રહી નથી. આજે અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૫થી પણ ઉપર પહોંચી ગયો હતો. ઘણા લોકોને ઈમરજન્સીની મદદ લેવી પડી હતી. હિટવેવની ચેતવણી હજુ પણ યથાવત રાખવામાં આવી છે. ૪૫ ડિગ્રી તાપમાન થતાં રેડએલર્ટની ફરજ પડી હતી. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી રહ્યું હતું. પાટનગર ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું જ્યારે સુરેન્દ્રનગરમાં ૪૫.૩ સુધી પારો પહોંચી ગયો હતો. જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. લોકોને તીવ્ર ગરમીના કારણે ગભરામણનો અનુભવ થયો હતો. ગરમીથી બચવા જુદા જુદા માર્ગો

● અનુસંધાન પાન-૭ પર

### ક્યા કેટલું તાપમાન

| સ્થળ | મહત્તમ તાપમાન |
|---|---|
| સુરેન્દ્રનગર | ૪૫.૩ |
| કંડલા એરપોર્ટ | ૪૫.૨ |
| ગાંધીનગર | ૪૫.૦ |
| અમદાવાદ | ૪૫.૦ |
| અમરેલી | ૪૪.૯ |
| રાજકોટ | ૪૪.૩ |
| વડોદરા | ૪૩.૯ |
| ભાવનગર | ૪૩.૮ |
| ડિસા | ૪૩.૭ |
| વીવીનગર | ૪૨.૮ |
| ભુજ | ૪૨.૦ |
| સુરત | ૪૧.૮ |
| દિવ | ૪૦.૪ |
| મહુવા | ૩૯.૮ |
| કંડલા પોર્ટ | ૩૬.૬ |
| નલિયા | ૩૬.૨ |
| પોરબંદર | ૩૫.૦ |
| ઓખા | ૩૩.૫ |











